| | | | | |
|---|---|---|---|---|
| **GJAR070007302026** | કેસ દાખલ થયા તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| | કેસ રજી.થયા તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| | કેસ ફેસલ થયા તારીખ | ૧૭/૦૮/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૪ | ૩૦ |

**બાયડ ના મહે. અધીક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમા, મુ. બાયડ, જી.અરવલ્લી.**

ફોજદારી કેસ નંબર:- ૬૩૧/૨૦૨૬

આંક:- ૩૮

શ્રી સરકાર ...ફરીયાદી

વિરુધ્ધ

(૧) જયદિપસિંહ ઉર્ફે જીગો દિલીપસિંહ ચૌહાણ

(૨) લાલસિંહ તખતસિંહ ચૌહાણ

(૩) નરેન્દ્રસિંહ લાલસિંહ ચૌહાણ

(૪) ડાહ્યાજી હેમાજી

(૫) પુનાજી હેમાજી ચૌહાણ

(૬) ભરતકુમાર પુનાભાઇ ચૌહાણ

(૭) બાબુભાઈ પુનાજી ચૌહાણ

(૮) જયંતીભાઈ ડાહ્યાજી ચૌહાણ

(૯) વિશાલકુમાર જયંતીભાઈ ચૌહાણ

(૧૦) જયદિપસિંહ ઉર્ફે જગો હરેશકુમાર ઉર્ફે સ્વરૂપસિંહ ચૌહાણ

(૧૧) તુષારકુમાર બાબુભાઈ ચૌહાણ

(૧૨) મહેશકુમાર લાલસિંહ ચૌહાણ

(૧૩) કિરણસિંહ સરદારસિંહ ચૌહાણ

તમામ રહે. પાલડી, તા.બાયડ, જી.અરવલ્લી. **...આરોપીઓ**

**ગુન્હો:–** ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩), ૨૮૧ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ–૩ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબ

---

**:: વકીલશ્રી ઓ::**

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી.વી. બી. પ્રજાપતિ,

આરોપી પક્ષે વિ.વ.શ્રી **વી.કે. પટેલ**

---

## // ચુકાદો//

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપીઓએ તા.૧૪/૦૧/૨૦૨૫ ના કલાક– ૧૬/૩૦ થી ક. ૧૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાને મોજે પાલડી તથા જીતપુર ગામે આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદીના દીકરા સાહેદ જીતેન્દ્રસિંહનાઓને ઉશ્કેસણી

જનક શબ્દો કહી લાફો મારી દેતા આ કામના ફરીયાદીએ આ બાબતે આરોપી નં.૧ નાને ઠપકો કરવા જતા આરોપી નં.૧ થી ૩ નાઓએ ફરીયાદી સાથે બોલાચાલી તકરાર કરી તથા આરોપી નં.૪ નાઓએ આરોપી નં.૧ નુ ઉપરાણુ લઈ ફરીયાદી તથા સાહેદો સાથે બોલાચાલી તકરાર કરી ફરીયાદી તથા સાહેદો તરફ છુટ્ટી ઈંટો ફેંકી સાહેદ પાલ્લાબેનને માથાના ભાગે ઈર્જા પહોંચાડી તથા આરોપી નં.૫ થી ૧૨ નાઓએ આરોપી નં.૧ નું ઉપરાંણુ લઈ એક સંપ થઈ પોતાનો સમાન ઈરાદો પારપાડવા સારૂ ગેરકાયદેસર મંડળી બનાવી ફરીયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો બોલી ફરીયાદી સાહેદોને શરીરે ગડદાપાટુનો માર મારી તથા આ કામના ફરીયાદી તથા સાહેદો જીતપુર સરકારી દવાખાને સારવાર કરાવવા સારૂ આવેલ તે વખતે આરોપી નં. ૧,૮,૯,૧૧ નાઓએ વેગન આર ગાડી નં. જી.જે. ૩૧.એ. ૦૯૬૦ માં આવી જે પૈકી આરોપી નં.૧૧ નાએ વાગનઆર ગાડી પુરઝડપે હંકારી લાવી સાહેદ હિતેષકુમારની નજીકથી પસાર કરી જીતપુર સી.એચ.સી. સેન્ટર ના કોટની દિવાલ તોડી સરકારી મિલકને નુકશાન પહોંચાડી સાહેદ હિતેષને જમણા ખભાના ભાગે ફેક્ચરની ઈર્જા પહોંચાડી તમામ આરોપીઓએ એકસંપ થઈ ફરીયાદી તથા સાહેદોને મા–બેન સામી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી, મે.જીલ્લા મેજી.સા.ના ચાલુ જાહેરનામાંનો ભંગ કરી, આરોપીઓએ <u>ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩), ૨૮૧ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ–૩ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબ</u>નો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ. જે ગુન્હાની ફરીયાદ ફરીયાદી વિક્રમસિંહ ભુપતસિંહ પરમાર નાએ કરતા આ કામના આરોપીઓ સામે <u>ધી</u>

ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩), ૨૮૧ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ–૩ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબની ફરીયાદ આંબલીયારા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૮૮૦૦૧૨૫૦૦૧૬ /૨૦૨૫ થી રજીસ્ટરે લઈ આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ સામે ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩), ૨૮૧ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ–૩ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબનુ ચાર્જશીટ કરવામાં આવેલ.

૨. ચાર્જશીટના આધારે ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને સમંસ કરવામાં આવતા આરોપી જાતે તથા તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા અને આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી આંક ૧ નીચે કર્યા બાદ ફરીયાદ પક્ષના કેસના આક્ષેપો અનુસાર ગુનાની વિગતે **આંક– ૦૪** થી આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ અને **આંક ૫ થી આંક ૧૭** સુધીની આરોપીની પ્લી રેકર્ડ કરતા અને તેની વિગતો તેઓને વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા અને કેસમાં બચાવ કરવાનું જણાવતા આ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ. ત્યારબાદ આ કામે પક્ષકારોએ ચાલુ ટ્રાયલ દરમ્યાન આરોપી અને ફરીયાદ પક્ષ વચચે ઘરમેળે રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ હોય જેથી **આંક– ૨૦** થી સમાધાન પુરસીસ રજુ કરતા સમાધાન પુરસીશ રેકર્ડ કરવામા આવેલ છે.

૩. અહી ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

(અ) <u>ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક પુરાવો:–</u>

૧. આંક– ૨૧ થી ફરીયાદી વિક્રમસિંહ ભુપતસિંહ પરમાર ની જુબાની

૨. આંક– ૨૩ થી સાહેદ પાલ્લાબેન વિક્રમસિંહ પરમાર ની જુબાની

૩. આંક– ૨૪ થી સાહેદ રાધાબેન વિક્રમસિંહ પરમાર ની જુબાની

૪. આંક–૨૫ થી સાહેદ પ્રવિણસિંહ વિક્રમસિહ પરમારની જુબાની

૫. આંક– ૨૬ થી સાહેદ હિતેષભાઇ બાબરસિંહ ચૌહાણની જુબાની

૬. આંક–૨૭ થી જેતેન્દ્રસિંહ વિક્રમસિંહ પરમારની જુબાની

(બ) <u>ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો:–</u>

૧. આંક – ૨૨ થી ફરીયાદ.

૨. આંક – ૨૮ અને ૨૯ થી ગુનાવાળી જગ્યાાનુ પંચનામુ.

૩. આંક– ૩૦ થી શરીર સ્થિતિનું પંચનામું

૪. આંક– ૩૧ થી વર્ધી

૫. આંક– ૩૨ અને ૩૪ થી સારવાર સર્ટીફીકેટ આપવા બાબતેની યાદી

૬. આંક– ૩૩ અને ૩૫, ૩૬ સુધી મેડીલક સર્ટીફિકેટ

૪. આ સિવાય ફરીયાદપક્ષે કોઈ વિશેષ પુરાવો રજુ કરવો નથી તેવું આ કામના મુળ ફરીયાદી તથા સાહેદે **આંક– ૩૭** ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરતા ફરીયાદપક્ષે આ સિવાય કોઈ વિશેષ પુરાવો રજુ થયેલ નથી.

૫. ઉપરોકત વિગતોએ ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદમાં આ કામ આરોપીઓના વિશેષ નિવેદન ઉપર રાખવામાં આવેલ પરંતુ રેકર્ડ ધ્યાને લેતા આ કામે આરોપી સામે વિશેષ નિવેદન લાયક પુરાવો આવેલ ન હોય જેથી આરોપીનુ વિશેષ નિવેદન લેવામા આવેલ નથી. ત્યારબાદ આ કામે ફરીયાદ

પક્ષે એ.પી.પી.શ્રી તથા આરોપી ના વી.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.અને બંને પક્ષકારોની દલીલોને પુરાવાના પૃથ્થકરણમાં વણી લીધેલ હોય અત્રે પુનરાર્વતન ટાળવાના હેતુસર અલગથી ચર્ચા કરેલ નથી.

૬. ઉકત વિગતોએ ફરીયાદપક્ષના કેસના નિર્ણય તેમજ નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષે એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૧૪/૦૧/૨૦૨૫ ના કલાક– ૧૬/૩૦ થી ક. ૧૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાને મોજે પાલડી તથા જીતપુર ગામે આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદીના દીકરા સાહેદ જીતેન્દ્રસિંહનાઓને ઉશ્કેસણી જનક શબ્દો કહી લાફો મારી દેતા આ કામના ફરીયાદીએ આ બાબતે આરોપી નં.૧ નાને ઠપકો કરવા જતા આરોપી નં.૧ થી ૩ નાઓએ ફરીયાદી સાથે બોલાચાલી તકરાર કરી તથા આરોપી નં.૪ નાઓએ આરોપી નં.૧ નુ ઉપરાણુ લઈ ફરીયાદી તથા સાહેદો સાથે બોલાચાલી તકરાર કરી ફરીયાદી તથા સાહેદો તરફ છુટ્ટી ઇંટો ફેંકી સાહેદ પાલ્લાબેનને માથાના ભાગે ઈર્જા પહોંચાડી તથા આરોપી નં.૫ થી ૧૨ નાઓએ આરોપી નં.૧ નું ઉપરાંણુ લઈ એક સંપ થઈ પોતાનો સમાન ઈરાદો પારપાડવા સારૂ ગેરકાયદેસર મંડળી બનાવી ફરીયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો બોલી ફરીયાદી સાહેદોને શરીરે ગડદાપાટુનો માર મારી તથા આ કામના ફરીયાદી તથા સાહેદો જીતપુર સરકારી દવાખાને સારવાર કરાવવા સારૂ આવેલ તે વખતે આરોપી નં. ૧,૮,૯,૧૧ નાઓએ વેગન આર ગાડી નં. જી.જે. ૩૧.એ. ૦૯૬૦ માં આવી જે પૈકી આરોપી નં.૧૧ નાએ વાગનઆર ગાડી પુરઝડપે હંકારી લાવી સાહેદ હિતેષકુમારની નજીકથી પસાર કરી જીતપુર સી.એચ.સી.

સેન્ટર ના કોટની દિવાલ તોડી સરકારી મિલકને નુકશાન પહોંચાડી સાહેદ હિતેષને જમણા ખભાના ભાગે ફેક્ચરની ઈર્જા પહોંચાડી તમામ આરોપીઓએ એકસંપ થઇ ફરીયાદી તથા સાહેદોને મા–બેન સામી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી, મે.જીલ્લા મેજી.સા.ના ચાલુ જાહેરનામાંનો ભંગ કરી, આરોપીઓએ ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩), ૨૮૧ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ–૩ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદા પરત્વે મારા ન્યાયીક નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**// કારણો //**

૮. ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત સાબીત કરવા માટે **આંક– ૨૧** થી ફરીયાદી વિક્રમસિંહ ભુપતસિંહ પરમારને તપાસવામાં આવેલા છે. ફરીયાદી તેઓની જુબાનીમાં ફરીયાદમા તેઓની સહી ઓળખી બતાવી ફરીયાદ **આંક– ૨૨** થી રજુ રાખેલ છે. આ સીવાય આ કામે આંક–૨૩ થી સાહેદ પાલ્લાબેન વિક્રમસિંહ પરમારને અને આંક– ૨૪ થી સાહેદ રાધાબેન વિક્રમસિંહ પરમારને અને આંક– ૨૫ થી સાહેદ પ્રવિણસિંહ વિક્રમસિંહ પરમાર તેમજ આંક–૨૬ થી સાહેદ હિતેષભાઈ બાબરસિંહ ચૌહાણ તેમજ આંક–૨૭ થી સાહેદ જીતેન્દ્રસિંહ વિક્રમસિંહ પરમારનાઓને

તપાસવામા આવેલ છે. આ ફરીયાદી અને સાહેદો તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કારી કોઈ હકીકત જણાવેલ નથી તેમજ આ ફરીયાદી તથા સાહેદની સમગ્ર જુબાની જોતાં ફરીયાદી અને સાહેદે પોતાની જુબાનીમા આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાની હકીકત જણાવી પોતે ફરીયાદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે અને આમ તેણે ફરીયાદપક્ષના કેસને તથા તેમણે આપેલ ફરીયાદને સમર્થન આપેલ નથી તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને કે તેમણે આપેલ ફરીયાદને લેશમાત્ર સમર્થન નહી આપતા ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ પણ તેઓની વિ.એ.પી.પી. શ્રી ધ્વારા કરવામાં આવેલ વિસ્તૃત ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી તથા આરોપી વિરુધ્ધનો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. અને આ ફરીયાદીની જુબાની માથી ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી અને આરોપીઓ વિરુધ્ધનો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

તેમજ આ ફરીયાદી તથા સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે તેને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે તેમજ સાહેદને કોઈ ઈજા કરેલ ન હોવાનુ પણ કબુલ રાખેલ છે.

૯. આ કામે ફરીયાદ પક્ષે આંક – ૨૨ થી ફરીયાદ, આંક – ૨૮ અને ૨૯ થી ગુનાવાળી જગ્યાાનુ પંચનામુ, આંક– ૩૦ થી શરીર સ્થિતિનું પંચનામું, આંક– ૩૧ થી વર્ધી, આંક– ૩૨ અને ૩૪ થી સારવાર સર્ટીફીકેટ આપવા બાબતેની યાદી, આંક– ૩૩ અને ૩૫, ૩૬ સુધી મેડીલક સર્ટીફિકેટ સહીતના દસ્તાવેજો બચાવપક્ષે કબુલ રાખતા રજુ થયેલ છે.

૧૦. આમ ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં ફરીયાદપક્ષે આરોપીઓ સામે જે ગુનાનું તહોમત છે તે સાબીત કરવા માટે પ્રથમ તો એ સાબીત કરવું પડે કે, આરોપીઓએ તા.૧૪/૦૧/૨૦૨૫ ના કલાક– ૧૬/૩૦ થી ક. ૧૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાને મોજે પાલડી તથા જીતપુર ગામે આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદીના દીકરા સાહેદ જીતેન્દ્રસિંહનાઓને ઉશ્કેસણી જનક શબ્દો કહી લાફો મારી દેતા આ કામના ફરીયાદીએ આ બાબતે આરોપી નં.૧ નાને ઠપકો કરવા જતા આરોપી નં.૧ થી ૩ નાઓએ ફરીયાદી સાથે બોલાચાલી તકરાર કરી તથા આરોપી નં.૪ નાઓએ આરોપી નં.૧ નુ ઉપરાણુ લઈ ફરીયાદી તથા સાહેદો સાથે બોલાચાલી તકરાર કરી ફરીયાદી તથા સાહેદો તરફ છુટ્ટી ઇંટો ફેંકી સાહેદ પાલ્લાબેનને માથાના ભાગે ઈર્જા પહોંચાડી તથા આરોપી નં.પ થી ૧૨ નાઓએ આરોપી નં.૧ નું ઉપરાંણુ લઈ એક સંપ થઈ પોતાનો સમાન ઈરાદો પારપાડવા સારૂ ગેરકાયદેસર મંડળી બનાવી ફરીયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો બોલી ફરીયાદી સાહેદોને શરીરે ગડદાપાટુનો માર મારી તથા આ કામના ફરીયાદી તથા સાહેદો જીતપુર સરકારી દવાખાને સારવાર કરાવવા સારૂ આવેલ તે વખતે આરોપી નં. ૧,૮,૯,૧૧ નાઓએ વેગન આર ગાડી નં. જી.જે. ૩૧.એ. ૦૯૬૦ માં આવી જે પૈકી આરોપી નં.૧૧ નાએ વાગનઆર ગાડી પુરઝડપે હંકારી લાવી સાહેદ હિતેષકુમારની નજીકથી પસાર કરી જીતપુર સી.એચ.સી. સેન્ટર ના કોટની દિવાલ તોડી સરકારી મિલકને નુકશાન પહોંચાડી સાહેદ હિતેષને જમણા ખભાના ભાગે ફેક્ચરની ઈર્જા પહોંચાડી તમામ આરોપીઓએ એકસંપ થઈ

ફરીયાદી તથા સાહેદોને મા–બેન સામી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી, મે.જીલ્લા મેજી.સા.ના ચાલુ જાહેરનામાંનો ભંગ કરી, આરોપીઓએ ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩), ૨૮૧ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ–૩ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલાનુ સાબીત કરવામાં સફળ થાય તો જ આરોપીઓ વિરુધ્ધનું તહોમત સાબીત થઈ શકે.

જે અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાની તુલનાત્મક ચર્ચા કરવામાં આવે તો આ કામે ફરીયાદી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે તે મુજબ ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનવા પામેલ નથી અને ખુદ ફરીયાદીએ તેમની ફરીયાદને સમર્થન આપેલ ન હોય અને ફરીયાદીએ આરોપી વિરુધ્ધમાં જુબાની આપવાનું ટાળેલ છે તેના કારણમાં એવું જણાય છે કે ફરીયાદી અને આરોપી વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. તેમજ આ કામના મુળ ફરીયાદીએ **આંક – ૩૭** થી કલોર્જીગ પુરસીસ આપેલ છે જે જોતાં પણ ફરીયાદપક્ષે આ કામે આ સિવાય કોઈ વિશેષ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને ફરીયાદીએ જ તેમણે આપેલ **આંક – ૨૨** ની ફરીયાદને સમર્થન આપેલ નથી અને રજુ દસ્તાવેજો અને ફરીયાદ ધારાસર પુરવાર થતા નથી અને આ કામે બનાવ વખતે આરોપીઓએ તા.૧૪/૦૧/૨૦૨૫ ના કલાક– ૧૬/૩૦ થી ક. ૧૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાને મોજે પાલડી તથા જીતપુર ગામે આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદીના દીકરા સાહેદ જીતેન્દ્રસિંહનાઓને ઉશ્કેસણી જનક શબ્દો કહી લાફો મારી દેતા આ કામના ફરીયાદીએ આ બાબતે આરોપી

નં.૧ નાને ઠપકો કરવા જતા આરોપી નં.૧ થી ૩ નાઓએ ફરીયાદી સાથે બોલાચાલી તકરાર કરી તથા આરોપી નં.૪ નાઓએ આરોપી નં.૧ નુ ઉપરાણુ લઈ ફરીયાદી તથા સાહેદો સાથે બોલાચાલી તકરાર કરી ફરીયાદી તથા સાહેદો તરફ છુટ્ટી ઇંટો ફેંકી સાહેદ પાલ્લાબેનને માથાના ભાગે ઈર્જા પહોંચાડી તથા આરોપી નં.૫ થી ૧૨ નાઓએ આરોપી નં.૧ નું ઉપરાંણુ લઇ એક સંપ થઇ પોતાનો સમાન ઈરાદો પારપાડવા સારૂ ગેરકાયદેસર મંડળી બનાવી ફરીયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો બોલી ફરીયાદી સાહેદોને શરીરે ગડદાપાટુનો માર મારી તથા આ કામના ફરીયાદી તથા સાહેદો જીતપુર સરકારી દવાખાને સારવાર કરાવવા સારૂ આવેલ તે વખતે આરોપી નં. ૧,૮,૯,૧૧ નાઓએ વેગન આર ગાડી નં. જી.જે. ૩૧.એ. ૦૯૬૦ માં આવી જે પૈકી આરોપી નં.૧૧ નાએ વાગનઆર ગાડી પુરઝડપે હંકારી લાવી સાહેદ હિતેષકુમારની નજીકથી પસાર કરી જીતપુર સી.એચ.સી. સેન્ટર ના કોટની દિવાલ તોડી સરકારી મિલકને નુકશાન પહોંચાડી સાહેદ હિતેષને જમણા ખભાના ભાગે ફેક્ચરની ઈર્જા પહોંચાડી તમામ આરોપીઓએ એકસંપ થઇ ફરીયાદી તથા સાહેદોને મા-બેન સામી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી, મે.જીલ્લા મેજી.સા.ના ચાલુ જાહેરનામાંનો ભંગ કરી, આરોપીઓએ દી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩), ૨૮૧ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૩ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલાનુ પુરવાર થતુ નથી ત્યારે અહી ફરીયાદપક્ષની એ ફરજ છે કે તેમણે આરોપી વિરુધ્ધનું તહોમત સબળ, શ્રેષ્ઠ, સચોટ, વિશ્વસનીય અને સમર્થનકારી પુરાવાઓથી

નિ:શંકપણે પુરવાર કરવું જોઈએ પરંતુ તેમ કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોય તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપવાનું ઠરાવી મુદા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **આખરી હુકમ** //

આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ ૨૭૧ (૧) અન્વયે ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩), ૨૮૧ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ–૩ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેના તહોમતમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદદામાલ પાવતીની વિગતે કબ્જે કરવામા આવેલ મુદદામાલ વાહન અંગેનો વચગાળાનો હુકમ આથી કાયમ કરવામા આવે છે.

આરોપીએ અગાઉ રજુ કરેલ જામીન બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ ૪૮૧ અન્વયે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૭ મી માહે આગષ્ટ , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

બાયડ
તારીખ: ૧૭/૦૮/૨૦૨૬

**(વિજયકુમાર ચંદુલાલ મકવાણા)**
એડી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
બાયડ, જી. અરવલ્લી.
**JUDGE CODE NO. 00997**